# કરારનાં હિસાબો

# કરાર નો અર્થ

- કરાર એટલે એવું મોટું જોબ જે પૂરું કરતા એક વર્ષથી વધારે સમય લાગે છે.
- કરાર અંગેનું મોટા ભાગનું કામ કરારના સ્થળ ઉપર, કારખાનાંથી બહાર કરવામાં આવે છે.

- કરારમાં મકાન, રસ્તા, પુલ, જહાજ વગેરેનાં બાંધકામનો સમાવેશ થાય છે.

- કરારમાં મુખ્યત્વ બે પક્ષકારોનો સમાવેશ થાય છે:
  [૧] કરાર લેનાર [Contractor] અને કરાર આપનાર [Contractee]

- જે વ્યક્તિ કરાર કાર્ય કરવાની જવાબદારીનો સ્વીકાર કરે તેને કરાર લેનાર [Contractor] કહેવાય.
- જે વ્યક્તિ પોતાનું કાર્ય બીજાને સોંપે તે વ્યક્તિને કરાર આપનાર [Contractee] કહેવાય.

# કરાર પડતર પદ્ધતિ

- કરાર પડતર પદ્ધતિમાં દરેક કરારનું અલગ કરાર ખાતું બનાવી નફો/ખોટ શોધવામાં આવે છે.
- અહિયાં દરેક કરાર એ પડતર એકમ છે.
- કરાર પડતર પદ્ધતિનો નીચે આપલે ઉદ્યોગમાં અમલ થાય છે:

  મકાન બાંધકામ,

  રસ્તાનું બાંધકામ

  પુલનું બાંધકામ

  જહાજનું બાંધકામ, વગેરે.

# કરાર પડતર પદ્ધતિનાં લક્ષણો:

- સામાન્ય રીતે કરાર પૂર્ણ થવામાં એક વર્ષથી વધુ સમય લાગે છે.
- દરેક કરાર અંગેનું મોટા ભાગનું કામ કરારનાં સ્થળ પર જ કરવામાં આવે છે.
- દરેક કરાર માટે સામાન્ય રીતે એક અલગ કરાર ખાતું ખોલવામાં આવે છે.
- કરાર માટે માલસામાન ખરીદવામાં આવે છે અથવા સ્ટોર્સમાંથી પૂરો પાડવામાં આવે છે.
- અમુક ખાસ પ્રકારનાં કામો જેવા કે ટાઈલ્સ જડવી, સેનિટરી ફિટિંગ્સ વગેરે કાર્યોપેટા કરાર આપીને કરાવવામાં આવે છે.

- કરાર માટે યંત્રો ખરીદવામાં આવે છે અથવા ભાડે લેવામાં આવે છે.
- આર્કિટેક્ટએ આપેલ પૂર્ણ થયેલ કામનાં પ્રમાણપત્રને આધારે કરાર આપનાર (contractee) કરારનાં નાણાંની ચૂકવણી કરવામાં આવે છે.

# કરાર પડતર પદ્ધતિનાં ખાસ મુદ્દાઓ

- **માલસામાન :**

  માલસામાનમાં નીચેનો સમાવેશ થાય છે:

  [1] કરાર માટે ખાસ માલસામાન ખરીદવામાં આવે છે.

  [2] સ્ટોર્સમાંથી માલસામાન પૂરો પાડવામાં આવે છે.

- **મજૂરી:**

  કરારનાં સ્થળ પર કામ કરતા બધા જ કામદારોની મજૂરી સીધો ખર્ચ ગણવામાં આવે છે.

- **સાંચા અને યંત્રો:**

  સામાન્ય રીતે યંત્રની પૂરી કિંમત કરાર ખાતે ઉધારવામાં આવે છે. વર્ષનાં અંતે ઘસારો બાદ કરી જે રકમ આવે તે રકમથી કરાર ખાતું જમા કરવામાં આવે છે.

- ઉપયોગમાં લેવાયલ યંત્ર [1] ખાસ યંત્ર અથવા [2] સામાન્ય યંત્ર હોય શકે.

# ખાસ યંત્ર

- જે યંત્ર કોઈએ એક કરાર માટે જ ખાસ ખરીદવામાં આવ્યું હોય અને બીજા કરાર પર તેનો ઉપયોગ થઈ શકે એમ ન હોય તો તેને ખાસ યંત્ર કહે છે.
- ખાસ યંત્રની પડતર કરાર ખાતાંની ઉધાર બાજુએ દર્શાવવામાં આવે છે.

- ખાસ યંત્રનાં વેચાણથી ઉપજેલી રકમ જ ફક્ત કરાર ખાતે જમા કરવામાં આવે છે.
- ખાસ યંત્રનાં વેચાણથી થયેલ નફો/નુકસાન અંગે કરાર ખાતાંમાં કોઈ નોંધ કરવામાં આવતી નથી.

# સામાન્ય યંત્ર

- જે યંત્ર બાંધકામ દરમિયાન ગમે તે કોઈ કરાર પર વાપરી શકાય અને કોઈ ખાસ કરાર માટે જ ખરીદવામાં આવે નહિ તેને સામાન્ય યંત્ર કહેવાય છે.
- સામાન્ય યંત્રની પડતર કરાર ખાતાંની ઉધાર બાજુએ દર્શાવવામાં આવે છે.
- સામાન્ય યંત્રનાં વેચાણ વખતે વેચાણ ઊપજની સાથે વેચાણ અંગે થયેલ નફો/ખોટની પણ નોંધ કરાર ખાતાંમાં કરવામાં આવે છે.
-

# પેટા કરાર ખર્ચ:

- અમુક ખાસ પ્રકારનાં કાર્યો  પેટા કરાર આપીને કરાવવામાં આવે છે.
- દા.તા. સ્ટીલનું કામ, ગ્લાસનું કામ, વગેરે.
- પેટા કરાર ખર્ચ કરાર ખાતાંની ઉધાર બાજુ એ નોંધવામાં આવે છે.

# ચાલુ કામ

- ચાલુ કામમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે:

  [1] પ્રમાણિત કામ

  [2] બિન પ્રમાણિત કામ

  [3] સ્થળ પર માલસામાન

  [4] સ્થળ પર યંત્ર
- ચાલુ કામની વિગતો કરાર ખાતાની જમા બાજુએ નોંધવામાં આવે છે.

# પ્રમાણિત કામ:

- અમુક સમયને અંતે કરાર પર જેટલું કામ થયું હોય તેનું આર્કિટેક્ટ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ રીતે જે કામ અંગે પ્રમાણપત્ર મળે તેને પ્રમાણિત કામ કહેવાય છે.

- પ્રમાણિત કામનું મૂલ્યાંકન કરાર કિંમતે કરવામાં આવે છે, જેમાં નફો સમાયેલ હોય છે.

# બિનપ્રમાણિત કામ

- આર્કિટેક્ટ દ્વારા પ્રમાણપત્ર ન મળેલા કામને બિનપ્રમાણિત કામ કરે છે.
- પ્રમાણિત કામનું મૂલ્યાંકન પડતર કિંમતે કરવામાં આવે છે, જેમાં નફો સમાયેલ હોતો નથી.

# કરાર કિંમતની ચૂકવણી:

- સામાન્ય  રીતે જો કરાર એક વર્ષ દરમિયાન પૂરો થઈ જાય તો કરારની પૂરેપૂરી રકમ ચૂકવી દેવામાં આવે છે.
- જો કરાર એક કરતાં વધુ વર્ષ નો હોય તો કરાર આપનાર તરફથી પ્રમાણિત કામની કિંમતની ૮૦ થી ૯૦% જેટલી રકમ  કોન્ટ્રાકટરને ચૂકવવામાં આવે છે.
- બાકીની રકમ સમયસર કરાર પૂરો થવાની ગેરંટી અંગે અનામત રાખી મૂકવામાં આવે છે. આને ‘રાખી મૂકેલ રકમ (rentention money) કહેવાય છે.

# કરારનો નફો/ખોટ નક્કી કરવી

- **[A] કરાર પૂરો થયો હોય ત્યારે:**

  કરારની કિંમત કરાર ખાતે જમા કરવામાં આવે છે અને પૂરેપૂરો નફો/ખોટ નફાનુકસાન ખાતે લઈ જવામાં આવે છે.

- **[B] કરાર અધૂરો હોય ત્યારે:**
- નફાનો અમુક ભાગ અનામત રાખી બાકીનો નફો નફાનુકસાન ખાતે લઈ જવામાં આવે છે.

- અંદાજીત નફો:

  કરાર કિંમતમાંથી કુલ અંદાજીત ખર્ચ બાદ કરવાથી અંદાજીત નફો મળે છે.

# કરાર અધૂરોહોય ત્યારે નફાનુકસાન ખાતે નફો જમા કરવાની ગણતરી

| (A) જયારે પ્રમાણિત કામ ૧/૪ કરાર કિંમત કરતાં ઓછું હોય. | નફા નુકસાન ખાતે નફો લઈ જવામાં આવતો નથી.<br>પૂરેપૂરો નફો અનામત તરીકે રાખવામાં આવે છે |
| --- | --- |
| (B) જયારે પ્રમાણિત કામ ૧/૪ કરાર કિંમત થી વધુ પરંતુ ૧/૨ કરાર કિંમત કરતાં ઓછું હોય | નફા નુકસાન ખાતે નફો લઈ જવાની ગણતરી નીચે આપેલ સૂત્ર મુજબ થશે.<br>$\text{નફો} \times ૧/3 \times \frac{\text{મળેલ રોકડ}}{\text{પ્રમાણિત કામ}}$ |
| (C) જયારે પ્રમાણિત કામ ૧/૨ કરાર કિંમત થી વધુ પરંતુ ૯/૧૦ કરાર કિંમત કરતાં ઓછું હોય | નફા નુકસાન ખાતે નફો લઈ જવાની ગણતરી નીચે આપેલ સૂત્ર મુજબ થશે.<br>$\text{નફો} \times ૨/3 \times \frac{\text{મળેલ રોકડ}}{\text{પ્રમાણિત કામ}}$ |
| (D) જયારે કરાર પર મોટા ભાગનું કામ પૂરું થઈ ગયું હોય: | નફા નુકસાન ખાતે નફો લઈ જવાની ગણતરી નીચે આપેલ સૂત્ર મુજબ થશે.<br>$\text{અંદાજીત નફો} \times \frac{\text{પ્રમાણિત કામ}}{\text{કરાર કિંમત}}$ |

# કરારનાં પ્રકાર

- ૧. નિશ્ચિત કિંમતનાં કરાર
- ૨. પડતર-વત્તાનાં કરાર

# ભાવવર્ધક કલમ

- ભાવવર્ધક  કલમમાં જો કરાર પૂરો થાય ત્યાં સુધીમાં માલસામાન અને મજૂરીખર્ચમાં નોંધપાત્ર વધારો થાય તો તેના પ્રમાણમાં આપમેળે જ કરારની કિંમત વધે એવી જોગવાઈ કરવામાં આવે છે.

- આ કલમનો ઉદ્દેશ બંને પક્ષકારોનાં હિતનું રક્ષણ કરવાનો છે.

# આમનોંધ:

| વ્યવહાર | ઉધારેલ ખાતું | જમા કરેલ ખાતું |
| --- | --- | --- |
| સ્ટોર્સમાંથી પૂરો પાડેલ માલસામાન | કરાર ખાતે | માલસામાન ખાતે |
| માલસામાનની બહારથી ખરીદી | કરાર ખાતે | બેંક ખાતે અથવા વેપારી ખાતે |
| એક કરાર પરથી બીજા કરાર પર માલસામાનની ફેરબદલી | માલ લેનાર કરાર ખાતે | માલ આપનાર કરાર ખાતે |
| કરાર પરથી પરત કરેલ માલ | માલસામાન ખાતે | કરાર ખાતે |
| માલસામાનની ચોરી, અસામન્ય બગાડ કે ઘટ | બેંક ખાતે (વિમા કંપની ખાતે)<br>નફા નુકસાન ખાતે | કરાર ખાતે |
| માલસામાનનું વેચાણ | બેંક ખાતે | કરાર ખાતે |
| માલસામાન વેચાણથી થયેલ નફો | કરાર ખાતે | નફાનુકસાન ખાતે |

| Transactions | Account to be debited | Account to be credited |
|---|---|---|
| માલસામાનનાં વેચાણથી થયેલ ખોટ | નફા-નુકસાન ખાતે | કરાર ખાતે |
| ચૂકવેલ મજૂરી | કરાર ખાતે | બેંક ખાતે |
| સામાન્ય/ખાસ યંત્રની ખરીદી | કરાર ખાતે | યંત્ર ખાતે |
| ખાસ/ સામાન્ય પ્લાન્ટનું વેચાણ | બેંક ખાતે | કરાર ખાતે |
| સામાન્ય યંત્રનાં વેચાણ પર થયેલ નફો | કરાર ખાતે | નફા-નુકસાન ખાતે |
| સામાન્ય યંત્રનાં વેચાણથી થયેલ નુકસાન | નફા-નુકસાન ખાતે | કરાર ખાતે |
| ખાસ યંત્રનાં વેચાણથી થયેલ નફો/ નુકસાન | નોંધ થશે નહિ | |

| Transactions | Account to be debited | Account to be credited |
|---|---|---|
| અન્ય ખર્ચા | કરાર ખાતે | ખર્ચ ખાતે |
| પ્રમાણિત કામ | ચાલુ કામ ખાતે | કરાર ખાતે |
| બિનપ્રમાણિત કામ | ચાલુ કામ ખાતે | કરાર ખાતે |
| નફા નુકસાન ખાતે લઈ ગયેલ નફો | કરાર ખાતે | નફા નુકસાન ખાતે |
| અનામત નફો | કરાર ખાતે | ચાલુ કામ ખાતે |
| કરાર આપનાર તરફથી મળેલ રોકડ | રોકડ/બેંક ખાતે | કરાર આપનાર ખાતે |
| | | |